# આત્મન્ ફાઉન્ડેશન દ્વારા વિવિધ સામગ્રીનું વિતરણ



ગાંધીનગર, તા. ૪

આત્મન્ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા દર વર્ષે ઉનાળાના સમયમાં તકવંચિત, જરૂરિયાતમંદોને વિવિધ વિસ્તારોમાં જઈને રૂબરૂ ચપ્પલ-સ્લીપરનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ એપ્રિલથી જૂન દરમ્યાન ગાંધીનગરના વિવિધ વિસ્તારના શ્રમજીવીઓ, અંધ શાળાનાં બાળકો, બાળ સંરક્ષણ ગૃહનાં બાળકો, અમદાવાદના ઓઢવ ખાતે રિમાન્ડ હોમની બાળાઓ, સાબરકાંઠા જિલ્લાનાં અંતરિયાળા ગામના લોકોને ચપ્પલ-સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વીંઢોલ ગામે અને ઢોલવાણી નિવાસી શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીની સાથે પૌષ્ટિક નાસ્તો, કપડાં, ચપ્પલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વૅકેશન પૂર્ણ થતાં ઉઘડતી શાળા સમયે સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળાઓનાં બાળકોને નોટબૂક, પૅન, પૅન્સીલ, રબર વગેરેનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં ગાંધીનગરની સૅક્ટર-૨૪/૧, ૨ તેમજ સૅક્ટર-૧૩/૧, ૨ શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચપ્પલ, કપડાં તેમજ શૈક્ષણિક સામગ્રીના વિતરણ કાર્યમાં ઍચ બી વરિયા, ભરતભાઈ કવિ, દિવ્યાબેન વરિયા, રેખા ભટ્ટ, તુષાર ઠક્કર, પ્રજ્ઞા પટેલ, હસમુખ મૅકવાન, મૌલિક દવે વગેરે સહભાગી બન્યા હતા. ચપ્પલ વિતરણ માટે એન એમ ખમારે સંસ્થાને મોટો સહયોગ આપ્યો હતો.

# આઈઆઈટીઈમાં ત્રિવિધ ભાષાના અધ્યાપકો માટેના ઈન્ટરવ્યૂ યોજાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન સંસ્થામાં ગતરોજ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના અધ્યાપકોના ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા.

કોલેજ કેમ્પસમાં સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન ભાષાના અધ્યાપકો માટેના ઈન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યા હતા. જેમાં તજજ્ઞ પ્રોફેસર્સ અને ઈન્સ્ટીટ્યૂટના વાઈસ ચાન્સલર કમલેશભાઈ જોષીપૂરાએ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોની મુલાકાત લીધી હતી. ભાષાના તજજ્ઞ અધ્યાપકગણ દ્વારા જે તે ઉમેદવારોને વિષયની ગહનતા સંદર્ભે ઝીણવટભર્યા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

ઉમેદવારોએ પોતાની અનુભવશક્તિ અને શૈક્ષણિક યોગ્યતાને આધારે પ્રશ્નોત્તરીના સાચા જવાબો આપવાના પ્રયત્નો કર્યા હતા.

ખાસ નોંધનીય બાબત એ રહી હતી કે, વાઈસ ચાન્સલર દ્વારા દૂર દૂરથી આવેલા દરેક ઉમેદવારોને બેસવાની તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાંથી મોટાભાગના ઉમેદવારો આવ્યા હતા. સ્થાનિક ઉમેદવારોએ પણ સમગ્ર ઈન્ટરવ્યૂનો લાભ લીધો હતો.

## ગુજ. યુનિ.ના કુલપતિ પર દબાણ કરી

# કાઉન્સીલમાં નિમણૂંક કરેલા ૧૮ સભ્યોની યાદીને દબાણપૂર્વક મંજૂર કરાયાનો આક્ષેપ

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી કાર્યકારી કુલપતિ ડૉ. મુકુલ શાહે દબાણને વશ થઈ સમય મર્યાદા પહેલા રાતોરાત કોંગ્રેસ પ્રેરીત ૧૧ સભ્યોની એકેડેમીક કાઉન્સીલમાં નિમણુંક કરી દેતા ભારે હોબાળો મચી ગયો છે. ગુજ.યુનિ.ના વિવિધ વિષયના ૨૫ બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કર્યા બાદ તેના આધારે કમિટી બનાવી ચેરમેનની નિમણૂંક કરવામાં આવે છે. આમાંથી ૧૮ જેટલા ચેરમેનને કુલપતિ પોતાની સત્તારૂએ એકેડેમીક કાઉન્સીલમાં રચના કરી શકે છે. બોર્ડ ઓફ સ્ટડીઝના ભ્યોની સભ્ય મર્યાદા ૩ વર્ષની અને એકેડેમીક કાઉન્સીલના સભ્યોની સમયમર્યાદા એક વર્ષની હોય છે.

પૂર્વ કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ પોતાના કાર્યકાળના અંતિમ સમયમાં ચાલાકીપૂર્વક બોર્ડ ઓફ સ્ટડીઝમાંથી કોંગ્રેસ પ્રેરીત ૧૧ ચેરમેન અને અન્ય ૭ ચેરમેન મળી કુલ ૧૮ ચેરમેનની એકેડેમીક કાઉન્સિલમાં નિમણુંક કરી દીધી હતી પરંતુ મંજૂરીની મહોર મારી ન હતી.

બીજી બાજુ કોંગ્રેસ પ્રેરીત સિન્ડીકેટ સભ્યોએ દબાણ કરી કાર્યકારી કુલપતિ ડૉ. મુકુલ શાહ પાસે ઉપરોક્ત ૧૮ ચેરમેનની એકેડેમીક કાઉન્સીલમાં થયેલી નિમણુંક ઉપર મંજૂરીની મહોર મરાવી લીધી છે. જો કે સૂત્રો કહે છે કે હાલ ૨૫માંથી ૨૨ બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનની નિમણુંક છે. ત્રણની નિમણૂંક બાકી છે. જેથી નિયમ મુજબ એકેડેમીક કાઉન્સીલની રચના ગેરકાયદેસર છે. આગામી દિવસોમાં આ મુદ્દે ભારે હોબાળાની શક્યતા છે.

## ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સેકટર-૭ માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા આટર્સ કોલેજમાં તા. ૯ જુલાઈ સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કોલેજના સભાખંડમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીઓ સાથે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તો ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ અને વાલીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

# ધો. ૧૨ પૂરક પરીક્ષાની ફી રસીદનું ૧૨મીએ વિતરણ

અમદાવાદ, તા.૪

ગુજરાત રાજ્યની તમામ રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યઓનો જણાવવાનું કે આગામી જુલાઈ-૨૦૧૨માં તમામ જિલ્લામાં લેવાનાર ધોરણ ૧૨ની તમામ પ્રવાહની પૂરક પરીક્ષા તા. ૧૨.૭.૨૦૧૨થી શરૂ થનાર છે.

પરીક્ષાર્થીઓના પ્રવેશપત્રો (ફી-રસીદ) બેઠક નંબર સાથેની યાદી સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં તા. ૭.૭.૨૦૧૨ને શનિવારે સવારે ૧૧.૦૦ કલાકથી સાંજના ૧૬.૦૦ કલાક સુધી વિતરણ કરવામાં આવશે. શાળાનો અધિકારપત્ર રજુ કરી બોર્ડના પ્રતિનિધિ પાસેથી શાળાનું સાહિત્ય મેળવી લેવા જણાવવામાં આવે છે. જે શાળાઓ સાહિત્ય લઈ નહીં જાય તો શાળાઓને બીજા દિવસે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી સાહિત્ય મેળવી લેવાનું રહેશે.



વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા શૌર્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિરાંગના શ્રીમતી નીતાબેન ભટ્ટનું શૌર્ય સન્માન કરતાં વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના સંવર્ધક 'બ્લુ કોટ'ના અનુસુયાબેન દલાલ અને સુશ્રી પીન્કીબેન દલાલનું સન્માન કરવામાં આવ્યું હતું.

# બ્રહ્માંડના રહસ્યને જાણવાની દિશામાં વૈજ્ઞાનિકોને મળેલી મોટી સફળતા

જીનિવા,તા.૪

જીનિવામાં વૈજ્ઞાનિકોએ આજે એક પત્રકાર પરિષદ યોજીને દાવો કર્યો હતો કે, તેઓએ પ્રયોગ દરમિયાન ગોડ પાર્ટિકલનાં રહસ્ય પરથી પરદો ઉઠાવી લેવામાં સફળતા મેળવી છે.

ગોડ પાર્ટિકલનાં પુરાવા મળી આવ્યા બાદ ભૌતિકશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. વૈજ્ઞાનિકોએ જાહેરાત કરી હતી હિગ્સ પાર્ટિકલની અથવા તો હિગ્સ કણની શોધ કરી દેવામાં આવી છે. દશકોમાં પ્રથમવાર આટલી અભૂતપૂર્વ સફળતા હાથ લાગી છે. આ જાહેરાત અગાઉ એવી અફવા ચાલી રહી હતી કે હિગ્સબોસોન અથવા તો ગોડપાર્ટિકલ વિજ્ઞાનની એક એવી બાબત છે જેને હજુસુધી પ્રયોગ મારફતે સાબિત કરવામાં સફળતા હાથ લાગી નથી. પ્રયોગ દરમિયાન નવા મળી આવેલાં કણની ઘણી વિશેષતા હિગ્સ બોસોન સાથે મળે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, નવા કણોમાં સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચૂકી છે. જોકે વૈજ્ઞાનિકોએ નિખાલસ કબૂલાત કરી છે કે નવા કણ પૈકીનાં અનેક ગુણ હિગ્સબોસોન થિયરી સાથે મેળ ખાતાં નથી છતાં પણ બ્રહ્માંડનાં રહસ્યો ખોલવાની દિશામાં અને અભૂતપૂર્વ સફળતા ગણવામાં આવે છે. એટલસ એક્સપરીમેન્ટ પ્રોજેક્ટ પર કામ કરી રહેલાં બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી બ્રાયન કોક્સનાં જણાવ્યા મુજબ સીએનએસ એ એક નવા બોસોનની શોધ કરી છે જે સ્ટાન્ડર્ડ હિગ્સ બોસોનની જેમ જ છે. અલબત્ત કોક્સે કહ્યું છે કે, વધારે માહિતી માટે હિગ્સ સિગ્નલને દરેક ઈવેન્ટમાં ૩૦ પ્રોટોન-પ્રોટોન કોલીજન કરાવવાની જરૂર પડશે જે ખૂબજ મુશ્કેલી પડશે કારણ કે આ બાબત એટલસ પ્રોજેક્ટ ડિઝાઈનની ક્ષમતા કરતાં બહારની બાબત છે. વૈજ્ઞાનિક પીટર હિગ્સે કહ્યું છે કે,વૈજ્ઞાનિકો આજનાં પરિણામ માટે પ્રશંસાપાત્ર છે, તેઓ તમામનો આભાર માને છે. અહીં સુધી પહોંચવા માટે લાર્જ હેડરોન કોલાઈડર અને અન્ય પ્રયોગોનાં પ્રયાસો જવાબદાર છે. પરિણામો જોઈને આશ્ચર્યચકિત હોવાની કબૂલાત પીટર હિગ્સે કરી છે.

## એલ.એલ.એમ.ના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લેવા જોગ

ગાંધીનગર, તા.૪

સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય દિલીપભાઈ મેવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે કે ગુજરાત યુનિવર્સિટી સંચાલિત એલએલએમ પીજી સેન્ટરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રથમ સેમિસ્ટરમાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે તા. ૪ થી ૧૧ જુલાઈ સુધી પ્રવેશ ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

# રાંધેજાની હાઈસ્કૂલમાં ગુરૂ પૂર્ણિમા તથા વિશ્વ વસતી દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૪

શ્રી જે.એસ.પટેલ વિદ્યામંદિર રાંધેની ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂપાલના સહયોગથી વિશ્વ વસ્તી દિન વિષય અનુસંધાને વકૃતત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ ૯ થી ૧૨ માં ૧૬ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. જેમાં અંજલિ પટેલ, શર્મા આશા, વ્યાસ દિક્ષીતને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકના ઈનામો આપવામાં આવ્યા હતા.

ગુરૂપૂર્ણિમાનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં રાજુભાઈ, મુકેશ શર્મા, ગુરૂ મહિમા સમજાવ્યો હતો. ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં શિક્ષકો, આચાર્યશ્રીએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ભીખાભાઈ પટેલે કર્યું હતું.

# એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી, કૈલાસ માનસરોવરની યાત્રા તો માત્ર અને માત્ર અનુભૂતિનો જ વિષય છે

ભારતીય સંસ્કૃતિનાં સંસ્કારોની સુરક્ષા માટે મારા મત મુજબ તીર્થયાત્રા એક મહત્ત્વનું અંગ કહી શકાય. ખરેખર, આધ્યાત્મિક જીવન જીવવા માટેની ઊર્જા તીર્થોમાંથી પ્રાપ્ત થાય છે. મને પણ તીર્થયાત્રા કરવાનો ભારે શોખ છે. મારી બંને બહેનો કુ. હિના શુક્લ અને કુ. ઉષા શુક્લ તથા આશુતોષ ભારતી ૨૦૦૬માં જ્યારે કૈલાસ માનસરોવર યાત્રાએ જઈ આવ્યા પછી મને પણ એવું થયા કરતું કે મારે પણ એકવાર આ પવિત્ર યાત્રામાં જવું જ છે.

દૃઢ સંકલ્પ, શિવજીની કૃપા અને આધ્યાત્મિકતાના સંયુક્ત પ્રયાસથી મારા મનમાં ઢબુરાઈને પડેલી મારી ઈચ્છાને કૈલાસપતિએ ઢંઢોળીને જાગ્રત કરી. અને મારે સત્કૈવલ સાહેબ-



સારસાપુરીવાળા પરશ્રદ્ધેય શ્રી અવિચલદાસજી મહારાજની નવમી યાત્રામાં જવાનું નક્કી થઈ ગયું.

તા. ૧૧-૬-૨૦૧૨ના રોજ સોમવારે અમારી યાત્રાના શ્રીગણેશ થયાં. અને તા. ૨૫-૦૬-૨૦૧૨ સોમવારના રોજ અમારી આ દુર્ગમ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ.

હિમાલયના ઉચ્ચ શિખર પર આવેલ કૈલાસ માનસરોવર જે કલ્યાણકારી છે. આમ પણ કૈલાસ અને માનસરોવરનો કિનારો દેવભૂમિ ગણાય છે. જ્યાં આજે પણ સાક્ષાત શિવ અને પાર્વતીજી નિવાસ કરે છે. તેથી જ તો શ્રીરામચરિતમાનસમાં પણ ચોપાઈ છે,

'પરમ રમ્ય ગિરિવર કૈલાસુ।
સદા જહાં શિવ ઉમા નિવાસુ ॥'

આવા પવિત્ર અને દિવ્ય સ્થળે પૂજ્ય ગુરુજી અને સાધ્વી ગીતાદીદીના સાંનિધ્યમાં 'શિવ મહાપુરાણ' કથાનો અમને સૌ યાત્રીઓને ખૂબ સારો લાભ મળ્યો. શિવજીના આંગણે જ શિવ-પાર્વતીના લગ્નના લ્હાવાથી બીજો અદ્ભૂત લ્હાવો બીજો કયો હોઈ શકે ? કૈલાસ પર્વતના દિવ્ય દર્શનથી હૃદયનાં રોમરોમ પુલકિત થઈ જાય છે. આંખો હર્ષાશ્રુથી છળકાઈ જાય છે. ખરેખર, આવા અદ્ભૂત તીર્થનાં દર્શન તો સાત જન્મના પુણ્યનો ઉદય થાય ત્યારે જ થાય છે. તેથી તો શ્રીરામચરિત માનસમાં તુલસીદાસજીએ લખ્યું છે,

'હરિહર વિમુખ ધર્મ રતિ નાહી। તે નર તે હું સપનેહુ નહિ જાઈ ॥'

આ પવિત્ર ભૂમિનું વર્ણન શબ્દોથી શક્ય નથી. આ તો માત્ર અને માત્ર અનુભૂતિનો જ વિષય છે. શિવના કલ્યાણકારી સ્વરૂપનો સાક્ષાત્કાર કૈલાસના સાંનિધ્યમાં આવવાથી જ થાય છે. ત્રિવિધ તાપનું શમન માનસરોવરમાં સ્નાન કરવાથી થાય છે.

આજે પણ ગિરિવર કૈલાસમાંથી વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં ભગવાન શંકર અને પાર્વતીજી પવિત્ર માનસરોવરમાં સ્નાન કરવા આવે છે. તેનો અમૂલ્ય અલભ્ય લાભ અમોએ નજરોનજર નિહાળેલ છે. કૈલાસના શિખરમાંથી તેજોમય પ્રકાશનો લિસોટો નીકળી માનસરોવરમાં જાય છે અને ત્યાંથી થોડીવારમાં તે કૈલાસના ગિરિશિખર પર પરત ફરી અદશ્ય થઈ જાય છે. આ દશ્ય નિહાળી અમારી જાતને રોમાંચિત થતી રોકી ન શક્યા.

આ યાત્રામાં મારી સાથે જોડાયેલ કુ. જ્યોતિકા યાદવને પણ કૈલાસ પરિક્રમા દરમ્યાન ઘણા દિવ્ય અનુભવો થયેલાં જ શબ્દાતીત છે. કૈલાસ માનસરોવર ઉત્તમ તીર્થ છે. માનસરોવરમાં સ્નાન કરવાથી રુદ્રલોક પ્રાપ્ત થાય છે.

- દક્ષા ચીમનલાલ શુક્લ

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

# ગાંધીનગરમાં કનૈયાલાલ પંડ્યાને કોણ નથી ઓળખતું ?

શ્રી કનૈયાલાલ પંડ્યાનો જન્મ તેમના વતનત કેલીયાવાસણામાં (તા. ધોળકા) ૧૯૫૭માં... પૂ. કનૈયાલાલ મહારાજનો જન્મ પણ કેલીયાવાસણામાં જ. તો શું પંડ્યા અને મહારાજ બંને અલગ છે ? ના, છે તો એક જ, પરંતુ તેમનો કથાકાર તરીકેનો નવો જન્મ ૧૯૮૪માં. આ બંને કનૈયાલાલનો પરિચય મેળવીએ.

પિતાજી શ્રી શંભુપ્રસાદ પંડ્યાજી પ્રતિષ્ઠિત કથાકાર હોવાને કારણે આધ્યાત્મિક વાતાવરણ અને વારસો બાળપણથી જ પ્રાપ્ત થયો. વળી શાળાભ્યાસ દરમ્યાન જ કનૈયાલાલે નાટક, સંગીત, વક્તૃત્વ વિ. કાર્યક્રમોમાં ભાગ લેવાનું શરૂ કર્યું અને માત્ર સાત વર્ષની ઉંમરે, ત્રીજી ધોરણમાં 'ધણી વિનાના' નાટક ભજવીને બાળ કનૈયાએ અભિનય ક્ષેત્રે પ્રવેશ કર્યો. ધોરણ-૧૨ સુધીના અભ્યાસ દરમ્યાન કનૈયાએ ઉપરોક્ત દરેક ક્ષેત્રે પોતાની નૈસર્ગિક પ્રતિભાને કારણે સારી એવી સફળતા મેળવી.

૧૯૮૧ના વર્ષમાં સરકારી પ્રેસ, ગાંધીનગર ખાતે નોકરી મળતાં કનૈયાલાલ ગાંધીનગર આવી વસ્યા. એ પછી એમને લોકસાહિત્ય, લોકસંગીત અને લોકજીવનમાં પણ રસ ઉજાગર થયો. કર્ણપ્રિય લોકગીતો, ભજનો સાથે શ્રોતાજનોને જકડી રાખે તેવી વાણીમાં લોકવાતો કરતાં કનૈયાલાલભાઈને ડાયરામાંથી આમંત્રણો આવવા લાગ્યા અને અસલ કાઠિયાવાડી લહેકાથી ડાયરાઓ જમાવવા લાગ્યા. વિખ્યાત ભજનિક પૂ. નારાયણ સ્વામીજી, નિરંજનભાઈ પંડ્યા, પ્રફુલ્લ દવે વિ. કલાકારો સાથે અનેક કાર્યક્રમો ગુજરાતભરમાં કરવાની તક કનૈયાલાલજીને મળી હતી. માહિતી ખાતા તરફથી આયોજિત અનેક કાર્યક્રમો અને લોક ડાયરાઓનું સંચાલન તેમણે સફળતાપૂર્વક કરેલ છે. અસ્ખલિત વહેતી વાણીથી લોક સાહિત્યના અનેક વનમેન શો પણ કરેલ છે.

ગાંધીનગર ખાતે ૧૯૮૧ના જ વર્ષમાં યોજાયેલ પૂ. મોરારિબાપુની રામકથાના આયોજનમાં સતત સહભાગી થવાની તક કનૈયાલાલજીને પ્રાપ્ત થઈ. પૂ. બાપુની રામકથા તેમના માનસપટ પર એક અમીટ છાપ છોડી ગઈ. માનો કે રૂદિયે રામ આવીને વસ્યા. શ્રી રામચરિત માનસની ચોપાઈઓ તેમણે કંઠસ્થ કરી અને સુમંગલમ ટ્રસ્ટ દ્વારા યોજાતી ચોપાઈ ગાન અને ચોપાઈ કંઠસ્થ સ્પર્ધામાં દર વર્ષે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા રહ્યા. દસ-બાર મિત્રો સાથે ઘરે ઘરે જઈ સંગીતમય સુંદરકાંડનું પઠન કરતાત અને રામાનમની ધૂન મચાવતા. સુમંગલમ્ ટ્રસ્ટ દ્વારા જ નિર્માણ પામેલ નૃત્યનાટિકા 'મંગલ ભવન અમંગલહારી'નું દિગ્દર્શન અને સંગીત સંચાલન સફળતાપૂર્વક કરી આ ક્ષેત્રે પોતાની પ્રતિભા અને રામભક્તિના દર્શન કરાવ્યા. આ નૃત્યનાટિકાના ત્રણ શોમાં પ.પૂ. મોરારિબાપુએ પ્રોત્સાહક હાજરી આપી હતી અને કનૈયાલાલભાઈનું સન્માન પણ કર્યું હતું.

શ્રી રામકથા લોકશૈલીમાં અને લોકકથાકાર તરીકે રજૂ કરવાનો વિચાર તેમને સ્ફૂર્યો. સંપૂર્ણ રામાયણ કંઠસ્થ તો હતું જ. આ સમય દરમ્યાન ગાંધીનગરમાં પધારેલ મહુવાના જાણીતા કથાકાર શ્રી નાનાલાલ રાજ્યગુરૂ અને પૂ. મોરારિબાપુનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું. આમ, કનૈયાલાલજીના નવા અને બીજા જન્મની તૈયારીઓ થઈ ચૂકી હતી.

વર્ષ ૧૯૮૪, સ્થળ - કેલિયાવાસણા, કનૈયાલાલજીની પ્રથમ શ્રી રામકથાનું આયોજન, જેમાં ભાવિકોને ભક્તિરસમાં તરબોળ કરી મૂક્યા. કથાની સફળતાને કારણે કનૈયાલાલજીનો કથાકાર તરીકે નવો જન્મ થયો અને આ ક્ષેત્રે જ આગળ ધપવાનો મક્કમ નિર્ધાર કર્યો. જેમ જેમ તેમની કથાની સુવાસ પ્રસરતી ગઈ તેમ તેમ ગુજરાતના ખૂણેખૂણેથી કથા માટે આમંત્રણો આવતા ગયા. કથામાં કનૈયાલાલજીની અદ્ભૂત વાક્છટા, સુરીલો અવાજ, સંગીતની ઊંડી સૂઝ અને કથાના પ્રસંગોની ભાવસભર રજૂઆત શ્રોતાઓને ભાવવિભોર કરી મૂકે છે. તેમની અનેક કૅસેટો, સીડી બહાર પડી છે. જેમાંની શબરીના બોર, સુંદરકાંડ વિ. લોકભોગ્ય બની છે. ગુજરાતના સીમાડા ઓળંગીને ૧૯૮૫ના વર્ષથી મુંબઈ, પૂના, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, યુપી, એમપી, ઉત્તરાંચલ વિ. સ્થળોએ હિન્દી ભાષા પર પણ ગજબનું પ્રભુત્વ ધરાવતા હોવાથી તેમની શ્રીરામકથાઓના માધ્યમ દ્વારા સમાજ સુધારણા, વ્યસનમુક્તિ અભિયાનો સફળતાપૂર્વક પાર પાડી શ્રીરામકથાની સાથે સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓની આહલેક જગાવી.

૧૯૮૭માં લુણાવાડા ખાતે પ.પૂ. ડોંગરેજી મહારાજની ભાગવત કથાના આયોજન વખતે તેઓશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે લાંબો સમય કથા કરવામાં તકલીફ પડતી હોવાને લીધે પૂ. મહારાજે આયોજકોને જણાવ્યું કે



ગાંધીનગરના એક યુવાન કથાકાર રામચરિત માનસની ચોપાઈઓ, છંદ વિ. સુરીલી વાણીમાં રજૂ કરે છે, એમને બોલાવીએ. આમ એક જ કથામાંથી પ.પૂ. ડોંગરેજી મહારાજ ભાગવતકથાનું રસપાન કરાવતા અને કનૈયાલાલભાઈ ચોપાઈ, ભજનો અને લોકસાહિત્યના દૃષ્ટાંતો સાથેની સમર્થ વાણીથી દરરોજ દોઢ લાખ જેટલા શ્રોતાઓનો રસતરબોળ કરી મૂકતા. કનૈયાલાલજીની વાણીથી પ્રભાવિત થયેલા પ.પૂ. ડોંગરેજી મહારાજે સુભાશિષો આપીને તેમને 'મહારાજ'ના નામથી સંબોધ્યા. આમ, ગાંધીનગરના લાડીલા કથાકાર હવે શ્રી કનૈયાલાલ મહારાજ બની ગયા.

ઈંગ્લેન્ડમાં પણ શ્રી કનૈયાલાલ મહારાજે ત્રણ મહિના સુધી રામકથાઓ કરી છે. જેની ઈંગ્લેન્ડના મુખ્ય અખબારોએ પણ નોંધ લીધી હતી. શ્રી મહારાજ રામકથાની સાથે શિવમહાપુરાણ, ભાગવત કથા, સુંદરકાંડ વિ. તેમની આગવી શૈલીમાં સંભળાવીને ભાવિકોને મંત્રમુગ્ધ કરી દે છે. પૂ. કનૈયાલાલ મહારાજના 'શિવતાંડવ સ્તોત્ર'ની રજૂઆત અદ્ભૂત અને શૌર્યરસથી ભરેલી હોય છે. દૂરદર્શન પરથી તેના પાંચ ઍપિસોડ પણ રજૂ થયા હતા, જેને જબરદસ્ત લોકચાહના પ્રાપ્ત થઈ હતી. મૂ. મહારાજની કથાઓનું પ્રસારણ સંસ્કાર, આસ્થા, શ્રદ્ધા વિ. ચેનલો પરથી નિયમિતરૂપે થાય છે. શ્રીકૃષ્ણના અનેક નામો (૧૦૮) છે તો શ્રી કનૈયાલાલજીએ તેમની કારકિર્દીમાં અનેક કાર્યક્રમો કર્યા છે. સંખ્યા જાણવી છે ? ૩૨૦૦ લોકસાહિત્યના કાર્યક્રમો, ૧૨૦૦ સુંદરકાંડ પાઠ, ૩૦ શ્રીરામકથા, ૨૫ ભાગવત કથા અને ૧૮ શિવકથા ! પૂ. મહારાજે ભગવાન અને ગાંધીનગરાઓ વચ્ચેનું અંતર કેટલું ઘટાડી દીધું છે !

ડિસેમ્બર, ૨૦૧૧માં હરદ્વાર ખાતે યોજાયેલ પૂ. મહારાજની રામકથાની સફળતા અને લોકલાગણીના કારણે ૨૦૧૨ના ડિસેમ્બરમાં પણ હરદ્વાર ખાતે શ્રીરામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન છઠ્ઠા પાને